# Day to Day Current Affairs

2. Feb 2016

## ૧. આર.સુભાષ રેડ્ડી :

- હૈદરાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આર.સુભાષ રેડ્ડીની હાઈકોર્ટના ચીફ જસ્ટિસ પદે નિમણુંક કરાઈ.
- આર.સુભાષ રેડ્ડીની નિમણુંક થતા ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટિસ જયંત પટેલની કર્ણાટક હાઈકોર્ટમાં બદલી કરાઈ.
- આ ઉપરાંત રાજસ્થાન હાઈકોર્ટથી જસ્ટિસ બેલાબેન ત્રિવેદી અને ઝારખંડ હાઈકોર્ટના જસ્ટિસ પી.પી.ભાટ્ટની પણ ગુજરાત હાઈકોર્ટમાં નિમણુંક કરાઈ છે.

## ૨. દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટી ગુજરાતમાં :

- આગામી સમયમાં દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટી ગુજરાતમાં સ્થપાશે.
- વડોદરાના પ્રતાપ વિલાસમાં નેશનલ એકેડમી ઓફ ઈન્ડિયન રેલવેઝને રેલવે યુનિવર્સિટી તરીકે ચલાવાશે.

## 3. અર્ચના રામસુંદરમ – IPS :

- આઈપીએસ અર્ચના રામસુંદરમને સીમા સુરક્ષા સળ (BSF) ના પ્રમુખ બનાવાયા છે.
- તેઓ પેરામિલિટ્રી ફોર્સના પ્રથમ મહિલા પ્રમુખ છે.
- અર્ચના તમિલનાડુ કેડરના આઈપીએસ હતા.

## 4. રિષભપંત – અંડર-19 ક્રિકેટર :

- બાંગ્લાદેશ ખાતે યોજાયેલ અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતના રિષભ પંતે માત્ર 18 બોલમાં 50 રન કરી ઈન્ટરનેશનલ અંડર-19માં ફાસ્ટેસ્ટ ફીફટીનો રેકોર્ડ નોંધાવ્યો હતો.
- આ રેકોર્ડ તેણે નેપાળ વિરુધ્ધની મેચમાં નોંધાવ્યો હતો.

## ૫. IPL – 9 માં નવી બે ટીમના નામની જાહેરાત થઈ :

- આગામી IPL-9 માં ચેન્નાઈ સુપર કિંગ અને રાજસ્થાન રોયાલ્સના સ્થાને બે વર્ષ માટે નવી બે ટીમ રાજકોટ અને પૂણેનો સમાવેશ કરાયો.
- આ બે નવી ટીમને નામ અપાયા છે જેમા રાજકોટની માલિકી ધરાવતાં ઈન્ટેકસ ગૃપે રાજકોટ ટીમને 'ગુજરાત લાયન્સ' નામ આપ્યુ.
- જયારે પૂણે ટીમના માલીક ગોયન્કા ગૃપે પૂણે ટીમનું નામ 'પૂણે વોરિયર્સ ઈન્ડિયા' રાખ્યુ છે.
- 'ગુજરાત લાયન્સ' કેપ્ટન – સુરેશ રૈના.
- 'પૂણે વોરિયર્સ ઈન્ડિયા' કેપ્ટન – મહેન્દ્રસિંહ ધોની.

## ૬. મનરેગા યોજનાને 10 વર્ષ પૂર્ણ થયા :

- વર્ષ 2006માં આજના દિવસે તત્કાલીન યુપીએ સરકારે મનરેગા યોજનાની શરૂઆત કરી હતી.
- આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લાના બંદલાપાલ્લી ગામથી આ યોજનાની શરૂઆત થઈ હતી.
- ગ્રામીણ વિસ્તારોમાં લોકોને રોજગાર પુરુ પાડવા માટે મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી સ્કીમ (મનરેગા) યોજનાની શરૂઆત કરાઈ હતી.
- 2 ફેબ્રુઆરી, 2006 ના રોજ 200 જિલ્લામા શરૂ થયેલી આ યોજના 1 એપ્રિલ 2008 થી દેશના તમામ જિલ્લામાં લાગુ કરાઇ હતી.
- આ યોજના અંતર્ગત ઓછામાં ઓછા 100 દિવસ અને પ્રતિદિન મહત્તમ 178 રૂ. વેતન આપવાની જોગવાઈ છે.

## ૭. મ્યાનમારમાં લોકશાહી સ્થપાઈ :

- મ્યાનમારમાં યોજાયેલી ચૂંટણીમાં આંગ સાન સૂકી ની પાર્ટીએ 80 ટકા બેઠકો પર જીત મેળવતા 54 વર્ષ બાદ પ્રથમ વાર ચૂટાયેલી સરકાર સત્તા સંભાળશે.
- મ્યાનમારમાં 1962માં સૈન્ય શાસન લાદી દેવાયા બાદ પ્રથમ વખત લોકશાહી સરકાર અમલમાં આવશે.
- પક્ષ : નેશનલ લીગ ફોર ડેમોક્રેસી (એનએલડી).
- આગામી એપ્રિલ માસમાં રાષ્ટ્રપતિની પસંદગી થશે.
- સંસદ બેઠકો :
- ઉપલુ ગૃહ – કુલ બેઠકો 224 જેમા એનએલડીએ 131 સીટ પર વિજય મેળવ્યો.
- નીચલુ ગૃહ – કુલ બેઠકો 440 જેમા 238 બેઠકોમાં એનએલડી પક્ષ વિજય મેળવ્યો હતો.

### પ્રશ્નો

૧. ગુજરાત હાઈકોર્ટના નવા ચીફ જસ્ટિસ ? – આર.સુભાષ રેડ્ડી

૨. દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટી ક્યાં રાજ્યમાં સ્થપાશે ? – ગુજરાત

3. BSF ના પ્રમુખ પદે કોની નિમણુંક કરાઈ ? – અર્ચના રામસુંદરમ, IPS.

૪ બાંગ્લાદેશમાં યોજાયેલ અંડર-19 વર્લ્ડકપમાં ક્યાં ભારતીય ક્રિકેટરે ફાસ્ટેટ ફીફટીનો રેકોર્ડ નોંધાવ્યો ? – રિષભ પંત

૫. IPL-9 માં રાજકોટ ટીમનું નામ જણાવો.... ગુજરાત લાયન્સ

૬. IPL-9માં ગુજરાત લાયન્સ ટીમના કેપ્ટન ? – સુરેશ રૈના

૭. IPL-9માં પૂણે ટીમનું નામ જણાવો.... પૂણે વોરિયર્સ ઈન્ડિયા

૮. પૂણે વોરિયર્સ ઈન્ડિયા ટીમના કેપ્ટન ? – મહેન્દ્રસિંહ ધોની

૯. મનરેગા યોજનાને કેટલા વર્ષ પૂર્ણ થયા ? – 10

૧૦. મનરેગા યોજનાની શરૂઆત ક્યાંથી થઈ હતી ? – આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લાના બંદલાપાલ્લી ગામથી.

Vivekanand Academy Gandhinagar

૧૧. નરેગા યોજના સમગ્ર દેશમાં ક્યારથી લાગુ થઈ ? – 1 એપ્રિલ, 2008

૧૨. ક્યાં દેશમાં 54 વર્ષ બાદ લોકશાહી સરકાર અમલમાં આવશે ? – મ્યાનમાર.

૧૩. મ્યાનમારમાં યોજાયેલી સામાન્ય ચૂટણીમાં ક્યાં પક્ષની જીત થઈ ? – નેશનલ લીગ ફોર ડેમોક્રેસી (એનએલડી)

૧૪. મ્યાનમારના એનએલડી પક્ષના નેતા ? – આંગ સાન સૂકી.

Vivekanand Academy, Gandhinagar